## ગાંધીનગર મને ગમે છે...



**જિતેન્દ્ર વી. શાહ**
મંત્રી, ગુજરાત ઈતિહાસ પરિષદ

ઈ.સ. ૧૯૭૦નાં એપ્રિલ માસમાં અમદાવાદથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નામે નવુ વસાવેલ ગુજરાતનાં પાટનગર ગાંધીનગર આવવાનું થયું. એ સમયે હું શાળાનો વિદ્યાર્થી હતો અને એસ.એસ.સી.માં અભ્યાસ કરતો હતો. મારા પિતા ઉચ્ચ સરકારી અધિકારી હતા, આથી વી.આઈ.પી. એવા સેક્ટર-૨૦માં રહેવાનુ થયુ. સરકારી શાળા સેક્ટર-૨૨માં આવેલ. ઘરેથી શાળાએ દરરોજ ચાલતા જવા-આવવાનું થતું. અમે પાંચ-છ મિત્રો ભેગા જતા. આથી સમય ક્યા પસાર થતો કે ખબર જ નહોતી પડતી. સાબરમતી નદીને કિનારે વસેલ ગરવી ગુજરાતનું ગતિશીલ પાટનગરમાં બાવન વર્ષ કરતાં વધારે લાંબી મંજિલ મોજમજાથી પસાર કરી છે. શાળામાં ભણતા ત્યારે સાબરમતી નદીનાં કોતરોમાં રખડવા, વાંચવા તેમજ ટેટી-તરબૂચ લેવા જતાં એ મધુર યાદો કેમ ભૂલાય!

સેક્ટર-૧૫ની સરકારી આર્ટસ કોલેજમાં પ્રવેશ મેળવીને ઈતિહાસ-ભૂગોળ વિષય સાથે સ્નાતક થયેલ. આ વિષય મારા શોખના હોઈ આથી ગુજરાતનાં પાટનગરનાં ઈતિહાસ અને ભૂગોળમાં મને વિશેષ રૂચિ હોય એ સ્વાભાવિક જ છે. કોલેજનાં તત્કાલીન પ્રિન્સિપાલ આઈ.જે. ધ્રુવ તથા અન્ય પ્રોફેસરોનાં સતત માર્ગદર્શનને કારણે બે વાર એન.સી.સી. કેમ્પ, કચ્છનાં રણમાં ૮૦૦ કિ.મી.નો સાયકલ પ્રવાસ તથા માઉન્ટ આબુમાં પર્વતારોહણ કેમ્પમાં જવાનું સદ્નસીબ પણ ગાંધીનગરને કારણે મળેલ છે.

વિદ્યાર્થી અવસ્થામાં સેક્ટર-૨૦માં ફૂટબોલ રમવાનું કે નવરાત્રી પર્વની મોજ મજા કે દરરોજ સાંજે સેક્ટર-૨૨ના પંચદેવ મંદિરે ચાલતા જઈ વિવિધ મિત્રો સાથે 'મંદિર પે ચર્ચા' કરવાનો અદ્ભૂત લ્હાવો મેળવેલ છે આજે પણ સતત યાદ આવે છે. દિવાળી, ઉનાળાની રજાઓમાં મિત્રો સાથે અમદાવાદ, મહુડી સાયકલ પ્રવાસ પર જતાં હતા, ત્યારે આજના જેવો ટ્રાફિક નહોતો એટલે સાયકલ પ્રવાસની ખૂબ મજા આવતી.

રાજ્યની સૌથી મોટી યુનિ. એવી ગુજરાત યુનિ.માં ઈતિહાસ વિષય સાથે એમ.એ. પાસ થયો અને યુનિ.માં બીજો નંબર મેળવતાં જ રાજ્ય સરકારની સરકારી નોકરી ખૂબ જ જલ્દી મળી ગઈ. આ પૂર્વે મે બે વાર ગેઝેટેડ ઓફિસરની પરીક્ષા પાસ કરેલ પરંતુ નામ પ્રતિક્ષાયાદીમાં હોય નિમણુંક મળેલ ન હતી. જેનો અફસોસ કેમ ભૂલાય!

આ શહેરમાં તમામ જ્ઞાતિના/ધર્મના ધાર્મિક સ્થાનો છે. રાજ્યની સૌથી મોટી અને સુંદર એવી ડાયરેક્ટર ઓફ લાયબ્રેરી, રમતનાં વિશાળ મેદાનો, સેવાભાવી સંસ્થાઓ, પ્રજાના મનોરંજન માટે સેક્ટરોમાં આવેલ રંગમંચ સમયાંતરે હેલિપેટ ગ્રાઉન્ડ તથા મહાત્મા મંદિરમાં યોજાતા પ્રદર્શનનો લાભ મળે છે.

ગાંધીનગરમાં સરકારી અધિકારી તરીકે નોકરી કરેલ હોય ફરજના ભાગરૂપે રાજ્યનાં તમામ જિલ્લાઓ/તાલુકાઓમાં પણ પ્રજાની ખાસિયતો જાણવાનો લ્હાવો મળેલ. અને બસ્સો કરતાં વધારે સ્વાતંત્ર્ય સેનાનીઓ, જે તે ક્ષેત્રનાં મહાનુભાવોનો રૂબરૂ સંપર્ક કરી ઈન્ટરવ્યુ લેવાનો સુંદર અવસર સાંપડેલ, જે જિંદગીભર ન ભૂલાય તેવો હતો. હરિયાળુ ગાંધીનગર, પ્રદૂષણ મુક્ત ગાંધીનગર અને ભર ઉનાળામાં ગુલમહોર, ગરમાળો અને બોગનવેલનાં વિવિધ રંગના મનમોહક પુષ્પો ગાંધીનગર રહેવાસીઓને ઠેરઠેર સ્વાગત કરતાં જોવા મળે છે જાણે કુદરત આપણી પર પ્રેમથી વરસતી ન હોય! અને સતત ગમતું જ રહેશે મને મારા શહેર ગુજરાતનાં પાટનગરને અંત:કરણપૂર્વક દિલથી પ્રણામ!

# ગાંધીનગર-અમદાવાદમાં ટુ-વ્હીલર ચોરી કટરથી ટુકડા કરી સામાન ભંગારમાં વેચતી ટોળકી ઝડપાઈ

**એલસીબી-૨ એ ૧૩ વાહનોની ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ચાર શખ્સોને ઝડપી પાડ્યા, પોલીસે રીક્ષા,બાઈક, મોબાઈલ તેમજ બાઈકનો સામાન મળી રૂ.૧.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો,**

ગાંધીનગર, તા.૧૬
અમદાવાદ તેમજ ગાંધીનગર જિલ્લાના વિવિધ વિસ્તારમાંથી ટું-વ્હીલર વાહનોની ચોરી કરી તે વાહનોને હાથીજણ ગેરેજમાં કટરની મદદથી તેના સ્પેરપાટર્સના ટુકડા કરી ભંગારમાં વેચી મારતી ટોળકીના ચાર સભ્યોને શાહપુર સર્કલ પાસેથી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે રૂ.૧.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ૧૩ વાહનચોરીના ગુનાનો ભેદ એલસીબી-૨ પોલીસે ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં વાહનચોરીએ માઝા મુકી છે. શહેરમાંથી છાશવારે વાહનચોરી થાય છે. પાટનગરમાં ટુ-વ્હીલર વાહનો સલામત રહ્યા નથી તેવા સંજોગોમાં વધી રહેલી વાહનચોરી અટકાવવા માટે રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા આપવામાં આવેલી સુચનાને પગલે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો તે દિશામાં કાર્યરત હતા. તે સમયે એલસીબી-૨ ટીમ ઈન્ફોસીટી વિસ્તારમાં વાહનચોરીના ગુના શોધી કાઢવા માટે વોચમાં હતી. તે સમયે હેડ કોન્સ્ટેબલ નારેશભાઈ વિરજીભાઈ અને કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે શાહપુર બ્રિજ તરફથી આવી રહેલી સીએનજી રીક્ષા નં.જી.જે.૨૭.વી.-૫૯૩૭ અને નંબર વિનાના બાઈક ચાલક સાથે ચાર શખ્સોને પકડી પાડ્યા હતા. રીક્ષા તેમજ બાઈક પરથી પોલીસને શંકાસ્પદ ટુ-વ્હીલર વાહનોના વિવિધ સ્પેરપાર્ટસના ટુકડાના ભંગાર મળી આવ્યા હતા. જેથી પોલીસે શખ્સોની પુછતાછ કરતા અમરસિંહ યશવંતસિંહ ચૌહાણ (ઉં.વ.૩૧, રહે.૧૪૫ ગલાજીની ચાલી નંબર-૩, ગવર્મેન્ટ ફોટો લીથો પ્રેસની સામે દુધેશ્વર શાહીબાગ અમદાવાદ), દિપકભાઈ તાયડે (રહે. મકાન નં.૨ ક-૪૦૮ વિવેકાનંદનગર હાથીજણ), વનરાજસિંહ અભેસિંહ વાગલો (રહે મકાન નં.૧ ક-૩૧૮ વિવેકાનંદનગર હાથીજણ અમદાવાદ) અનો શુભાનઅલી કુતુબીદન અસારી (રહે મ.નં.૨૩ ચીકાનગર ઈન્દીરાનગર હાથીજણ) હોવાનું જણાવ્યું હતું.જયારે પોલીસે રીક્ષા તેમજ બાઈક પરથી સાયલન્સર નંગ-૫, સીટ નંગ-૬, પેટ્રોલ ટેન્ક નંગ-૩, મેકવ્હીલ નંગ-૨,ટાયર નંગ-૯, સ્પોક વ્હીલ પ્લેટ નંગ-૨, લાઈટના હેડ નંગ-૩, જંપર નંગ-૯, સીટ સ્ટેન્ડ પાછળના નંગ-૨, વ્હીલના પંખા નંગ-૨, મીટરબોકસ નંગ-૧, કટર મશીન ઈલેક્ટ્રીક વાયર સાથે, લોખંડના ચેસીસના ટુકડા નંગ-૫, સીઅનેજી રીભા નં.જી.જે.૨૭ .વી. ૫૯૩૭, નંબર વિનાનુ હોન્ડા સાઈન બાઈક, મોબાઈલ ફોન નંગ-૪, મળી કુલ કિં. રૂ.૧,૩૨,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે આરોપી અમરસિંહ અનો વનરાજસિંહ ટુ વ્હીલરોની ચોરી કરતા હતા.જયારે દિપક અને શુભાન અલી નજીવી કિંમતે વેચી મારતા હતા. પકડાયેલી ટોળકીના મુખ્ય સુત્રધારો રીક્ષામાં ગાંધીનગર અમદાવાદના વિવિધ વિસ્તારમાં ફરતા હતા. રેકી કરીને ડુપ્લીકેટ ચાવી થી તેમજ શોકેટ તોડી ચાલુ કરી ચોરી કરી લઈ જતા હતા. હાથીજણ ખાતે ગેરેજમાં વાહનો એકઠા કરી કટરથી તેમના ટુકડા કરી તમામ વાહનનો ભંગાર નક્કી કરેલા ભંગારીયાને નજીવી કિંમતે વેચી મારતા હતા. પોલીસે વાહનાચોરીમાં તરખાટ મચાવનાર ટોળકીના ચાર સાગરીતોને રૂ.૧.૩૨ લાખની મુદ્દામાલ સાથે પકડી પાડી ૧૩ વાહનોની ચોરીનો ભેદ એલસીબી -૨ ઉકેલી દીધો છે.



## નભોઈના ભીમરૂપ હનુમાનજી મંદિરે હવન સાથે ઉજવણી કરાઈ



ગાંધીનગરના નભોઈ ગામ ખાતે સાબરમતી કિનારે ૮૦૦ વર્ષ જૂનું ભીમરૂપ હનુમાનજી મંદિર આવેલું છે. આ મંદિર ખાતે આજે હનુમાન જયંતી નિમિત્તે હવન સાથે પૂજા અર્ચના કરી ઉજવણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ મંદિર ખાતે દેશ વિદેશમાં રહેતા ભક્તો આવી દર્શન કરી આશીર્વાદ મેળવે છે. હનુમાન જયંતિની ઉજવણી પ્રસંગે કોબાના પૂર્વ સરપંચ યોગેશભાઈ નાયી, નભોઈના પૂર્વ સરપંચ કરસનજી ઠાકોર, મહાનગરપાલિકાના મુખ્ય દંડક તેજલબેન નાયી અને સામાજિક કાર્યકર જ.એસ.પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. અત્યારે ભીમરૂપ હનુમાનજી મંદિરનો જિર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે.

## મેટલર્જી એન્જીનિયરીંગ વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગરને એન.બી.એ એક્રીડીશન માં સફળતા મળી હતી.

ગાંધીનગર, તા.૧૬
એન્જીનીયરીંગ કોલેજોને આંતરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા માટેની તૈયારી અને ચકાસણી કરવા માટે NBA Accreditation નું ઈન્સ્પેકશન કરવામાં આવે છે, જેમાં રાષ્ટ્રીય કક્ષાના સારામાં સારા એક્સપર્ટ દ્વારા કોલેજમાં સ્ટાફની ગુણવત્તા, જમીન, મકાન, લેબોરેટરી, ભણાવવાની પદ્ધતિ, વિદ્યાર્થીઓ, વાલીઓ, કંપનીઓ સાથેની કામગીરી, પ્લેસમેન્ટ, ઉદ્યોગ સાહસિકતા જેવી ઝીણામાં ઝીણી ઘણી બાબતોનું ઈન્સ્પેકશન કરવામાં આવે છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજના મેટલર્જી એન્જીનિયરીંગ વિભાગ ને NBA Accreditation મળવાથી ટેક્નિકલ શિક્ષણના સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં આનંદ તથા ગર્વની લાગણી ફેલાઈ છે. સરકારી ઈજનેરી કોલેજના આચાર્યશ્રી પ્રો. ડો. શ્વેતા પી. દવે તથા મેટલર્જી એન્જીનિયરીંગ વિભાગ ના વડાશ્રી. ડો. આઈ બી. દવે એ સંયુક્ત માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત રાજ્ય કક્ષા એ ચાલતા મેટલર્જી એન્જીનિયરીંગના સ્નાતક અભ્યાસક્રમ પૈકી માત્ર મેટલર્જી એન્જીનિયરીંગ, સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર NBA Accreditation ધરાવે છે, જે મેટલર્જી એન્જીનિયરીંગ ના વિધ્યાર્થીઓ ને આંતરરાષ્ટ્રીય કક્ષા એ રોજગાર ની તકો મેળવવામાં પણ મદદરૂપ થશે.

## કોબા કિષ્ણા હોટલ પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર કોબા પ્રેક્ષાભારતી નજીક કિષ્ણા હોટલમાં ગત તા.૮ એપ્રિલના રોજ બપોરના સમયે નાસ્તો કરવા ગયેલા યુવકનું બાઈક ગણતરીના સમયમાં કોઈ શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. યુવકે હોન્ડા કંપનીના રૂ.૮ હજારની કિંમતના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ સ્વાગત ફલેમીંગો ખાતે રહેતા હિતેશકુમાર જેસીંગભાઈ ચૌધરી પ્રિતમપુરા હિન્દી શાળા નં.૧ ગીરધરનગર શાહીબાગ અમદાવાદમાં મદદ નીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. નોકરી પર આવન જાવન માટે જી.જે.૦૨.એ.એલ.-૧૬૨૨ હોન્ડા બાઈકનો ઉપયોગ કરતા હતા. ગત તા.૮ એપ્રિલના રોજ બપોરના સમયે શાહીબાગ નોકરી થી છુટીને ઘરે પરત ફરી રહ્યો હતો. તે સમયે કિષ્ણા હોટલ પ્રેક્ષાભારતી કોબા પાસે નાસ્તોકરવા માટે બપોરે ૧.૩૦ કલાકે ઉભો રહ્યો હતો. તે સમયે બાઈક હોટલના ખુલ્લા પાર્કિંગમાં મુકી નાસ્તો કરવા માટે હોટલમાં ગયો હતો. નાસ્તો કરી અડધો કલાકમાં પરત ફરીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરવા છતા આજદીન સુધી નહી મળી આવતા આખરે રૂ.૮ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.








સેક્ટર-૧૭ના સુપ્રસિદ્ધ હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. ભાવિકો વહેલી સવારથી જ અહીં દર્શન માટે ઉમટી પડ્યા હતા. મંદિરની બહાર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.



ઉનાળો દિવસે દિવસે આકરો બનતો જાય છે. આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે. ગરમી અને તાપથી રક્ષણ મેળવવા આપણે જાતભાતના ઉપાયો અજમાવીએ છીએ. એસી અને કુલર ચાલુ કરીને મોજથી ઘરમાં રક્ષણ મેળવી રહ્યા છીએ. પરંતુ બિચારા પશુ-પંખીઓ આવી ગરમીમાં ક્યાં જાય ? ઉનાળાની આકરી ગરમીમાં રક્ષણ મેળવવા માટે શહેરમાં ફરતા વાંદરાઓ ક્યાંકને ક્યાંક આશરો મેળવીને જ રહે છે. શહેરમાં ઠેર ઠેર લગાવેલી સોલરપેનલ વાંદરાઓને છાંયો આપી રહી છે.

# એસી ઈન્ટોલેશનની જવાબદારી ઉત્પાદકતાની : ગ્રાહક કમિશન

**એસી ખરીદ્યા બાદ ગ્રાહકે મુશ્કેલી વેઠવી પડી : એસી ઈન્સ્ટોલ ન કરી આપનારી કંપનીને ગ્રાહકને કુલ ૪૦૦૦નું વળતર ચુકવવા કડક આદેશ કરી દેવામાં આવ્યો**

અમદાવાદ,તા.૧૬
અમદાવાદમાં પણ એક ગ્રાહકે એસી ખરીદ્યા પછી ઈન્સ્ટોલેશન માટે પરેશાની વેઠવી પડી, પરંતુ કન્ઝ્યુમર કમિશને ગ્રાહકનો પક્ષ લીધો અને તેને વળતર ચુકવવા માટે એસી ઉત્પાદકને આદેશ આપ્યો છે.

અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા સુનિલકુમાર સિંહે જૂન ૨૦૧૬માં ૪૧,૦૦૦ રૂપિયામાં ડાઈકિનનું એસી ખરીદ્યું હતું. બે દિવસ પછી ટેકનિશિયન એસી ઈન્સ્ટોલ કરવા આવ્યો ત્યારે સુનિલકુમાર જ્યાં એસી ફીટ કરાવવા માંગતા હતા ત્યાં એસી ઈન્સ્ટોલ કરવાની તેણે ના પાડી દીધી. ટેકનિશિયને એસી ઈન્સ્ટોલ કરવા માટે સ્ટીલની ફ્રેમ માટે વધારાના ૪૦૦૦ રૂપિયાની માંગણી કરી. સુનિલકુમારે વધારાના રૂપિયા આપવાની ના પાડી દીધી અને કંપનીને આ અંગે ફરિયાદ કરતો મેઈલ કર્યો.

ત્યાર બાદ તેમણે બે દિવસ પછી ૪૩૫૦૦ રૂપિયા આપીને હિટાચીનું એસી ખરીદ્યું. હિટાચીના ટેકનિશિયને વધારાનો ચાર્જ લીધા વગર સુનિલકુમારે જ્યાં કહ્યું ત્યાં એસી ફીટ કરી આપ્યું. ત્યાર પછી સુનિલકુમાર ગ્રાહક ફરિયાદ નિવારણ કમિશનમાં ગયા અને તેમણે નવા એસી માટે વધારાનો ૨૫૦૦ રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો તે બદલ વળતર માંગ્યું. આ ઉપરાંત તેમણે જે પરેશાની વેઠવી પડી અને તેમના પરિવારે બે દિવસ ગરમી સહન કરવી પડી તે બદલ ડાઈકિન કંપની અને એસી વેચનાર વેન્ડર વિજય સેલ્સ પાસે વળતર માંગ્યું.

વિજય સેલ્સે કહ્યું કે તે માત્ર ઈલેક્ટ્રિક સાધનો વેચવા માટે જવાબદાર છે. એસીનું ઈન્સ્ટોલેશન કરવું એ એસી ઉત્પાદકની જવાબદારીમાં આવે છે. ડાઈકિને દલીલ કરી કે ગ્રાહક જ્યાં એસી ઈન્સ્ટોલ કરાવવા માંગતા હતા તે જગ્યા યોગ્ય ન હતી તેથી ત્યાં સ્ટીલની ફ્રેમ બેસાડવાનો વધારાનો ખર્ચ આવે તેમ હતો.

જોકે, ગ્રાહક કમિશને ગ્રાહકનો પક્ષ લીધો અને સવાલ કર્યો કે ડાઈકિનના ટેકનિશિયને જ્યાં એસી ઈન્સ્ટોલ કરવાની ના પાડી દીધી ત્યાં હિટાચીએ કેવી રીતે કોઈ પણ ચાર્જ વગર એસી ઈન્સ્ટોલ કરી આપ્યું? ડાઈકિન આ પ્રોડકટની ઉત્પાદક હોવાથી ઈન્સ્ટોલેશન પણ તેની જ જવાબદારીમાં આવે. આ બાબતને ધ્યાનમાં રાખીને કમિશને ડાઈકિનને એસીના ભાવ વચ્ચેનો ૨૫૦૦ રૂપિયાનો તફાવત ચુકવવા જણાવ્યું છે. આ ઉપરાંત ગ્રાહકના પરિવારને જે તકલીફ પડી અને જે કાનૂની ખર્ચ કરવો પડ્યો તે માટે પણ ૪૦૦૦ રૂપિયા ચુકવવા આદેશ અપાયો છે.

# બિસ્માર શાળાનો ફોટો "આપ"ને વ્હોટ્સએપથી મોકલો

**રાજ્યામાં બિસ્માર શાળા કે શિક્ષણને લગતી ફરિયાદ કરવા આમ આદમી પાર્ટી દ્વારા વોટસઅપ નંબર જાહેર કરાયો**




ગાંધીનગર : તા.૧૬
ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ વહેલી યોજાવાના ભણકારા વાગી રહ્યાં છે જેને અનુલક્ષીને વિવિધ રાજકીય પક્ષો દ્વારા અત્યારથી જ પ્રચાર માટે પ્રજાલક્ષી મુદ્દાઓ ઉઠાવીને પ્રદર્શનો યોજવાનું શરૂ કરી દેવાયું છે. ધીમે ધીમે ગુજરાતમાં પગ પેસારો કરીને હવે પગદંડો જમાવવા મથી રહેલી આમ આદમી પાર્ટી હવે પંજાબના ચુંટણી વિજય પછી વધુ આત્મવિશ્વાસમાં આવી છે અને અહીં ભાજપ સરકાર સામે શિક્ષણ જેવા પાયાના મુદ્દા સાથે સરકારને પડકાર ફેંકી રહી છે. આજે ગાંધીનગરના સેક્ટર-૧૧માં અખબાર ભવન ખાતે આપ પાર્ટીના શહેર પ્રમુખ તુષાર પરીખ, પૂર્વ શહેર પ્રમુખ જીતુ ધરવાડીયા અને યુવા નેતા જય વાઘેલાએ ગુજરાત સરકાર પર શિક્ષણ મુદ્દે આકરા પ્રહાર કરવા સાથે એક હેલ્પલાઈન નંબર ૯૫૧૨૦ ૪૦૪૦૪ની જાહેરાત કરી હતી.

આપના નેતાઓએ આક્ષેપ કર્યા હતા કે "ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષમાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે, ગાંધીનગર જેવી રાજધાનીમાં પણ પૂરતી સેવાઓ નથી. ગોકુળપૂરા ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫૦ છે પણ તેમને સમાવિષ્ટ કરે તેટલાં ઓરડા નથી, શિક્ષકોની ઘટ છે. ફતેપુરામાં સ્કૂલમાં દબાણનો ત્રાસ છે, સેક્ટર ૧૭માં જોખમી સરકારી આવાસમાં બાળકો ભણી રહ્યા છે. રાજધાની સિવાય પણ કેટલાય શહેર ગામડાઓના વિદ્યાર્થીઓ સ્કૂલ જેવી મુખ્ય સુવિધાથી વંચિત છે". અત્રે ઉલ્લેખનીય છે કે "આપ"ના દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રી મનીષ સિસોદિયાની ગુજરાતમાં થયેલ એન્ટ્રી પછી રાજ્યમાં રાજકારણ ગરમાયું છે, શિક્ષણ મુદ્દે ચર્ચાઓ થવા લાગી છે. આજે આમ આદમી પાર્ટી દ્વારા ૯૫૧૨૦ ૪૦૪૦૪ નંબર જાહેર કરવામાં આવ્યો હતો જેના પર હવે વ્હોટ્સએપ મારફતે બિસ્માર શાળાઓ કે સુવિધાઓથી વંચિત શાળાઓના ફોટા મોકલવા જાહેર જનતાને આમ આદમી પાર્ટી દ્વારા હાકલ કરવામાં આવી હતી.

### આપના શિક્ષણ મંત્રીનું 'રોબો' કોલીંગ

ગુજરાતમાં શિક્ષણ અંગે કથળેલી સુવિધાના મુદ્દાને ચૂંટણીનો મુદ્દો બનાવવાના ઉદ્દેશથી આગળ વધી રહેલી આમ આદમી પાર્ટીના દિલ્હીના શિક્ષણમંત્રી મનિષ સિસોદિયા હવે રાજ્યના નાગરિકોને "રોબો" કોલ કરીને અહીં પણ દિલ્હીની જેમ અત્યાધુનિક શિક્ષણ સુવિધાઓ મેળવવા રાજ્યમાં આમ આદમી પાર્ટીની એક તક આપવા માટે વિનંતી કરી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ નરેન્દ્ર મોદી પણ ચુંટણી પ્રચાર માટે જે પ્રયોગ કરી ચુક્યાં છે તે જ હથિયાર હવે "આપ" દ્વારા અજમાવાઈ રહ્યું છે જેમાં મનિષ સિસોદિયાના અવાજમાં પ્રિરેકોર્ડેડ એકતરફી વાતચીત કરવામાં આવી રહી છે.